# હે કિરતાર મને આધાર તારો

હે કિરતાર મને આધાર તારો (૨)

હે દીનાનાથ મને આધાર તારો (૨)

જો જે ના .. (૨) તૂટી જાય પ્રભુ જો જે ના તૂટી જાય

જો જે ના તૂટી જાય પ્રભુ જો જે ના તૂટી જાય

હે પ્રભુ તારા પ્રેમનો ખજાનો (૨)

જો જે ના .. (૨) ખુટી જાય પ્રભુ જો જે ના ખુટી જાય

જો જે ના ખુટી જાય પ્રભુ જો જે ના ખુટી જાય

તારો આધાર મને આ અવનિમાં (૨)

આપે પ્રકાશ જ્યોત આ રજનીમાં (૨)

શ્રદ્ધાથી બાંધી છે ગાંઠો મેં સ્નેહની (૨)

જો જે ના .. (૨) છૂટી જાય પ્રભુ જો જે ના છૂટી જાય

જો જે ના છૂટી જાય પ્રભુ જો જે ના છૂટી જાય

હે કિરતાર મને આધાર તારો (૨)

જો જે ના .. (૨) તૂટી જાય પ્રભુ જો જે ના તૂટી જાય

જો જે ના તૂટી જાય પ્રભુ જો જે ના તૂટી જાય

શક્તિ પ્રમાણે ભક્તિ કરું છું (૨)

આ જીવન તુજ ચરણે ધરું છું (૨)

પ્રેમની પ્યાલી પીવા જાઉં ત્યાં (૨)

જો જે ના .. (૨) ફૂટી જાય પ્રભુ જો જે ના ફૂટી જાય

જો જે ના ફૂટી જાય પ્રભુ જો જે ના ફૂટી જાય

હે દીનાનાથ મને આધાર તારો (૨)

જો જે ના .. (૨) તૂટી જાય પ્રભુ જો જે ના તૂટી જાય

જો જે ના તૂટી જાય પ્રભુ જો જે ના તૂટી જાય

ગાઉં છું હે પ્રભુ ગીત તુજ પ્રિતનાં (૨)

સ્નેહથી ભરેલાં સૂરો સંગીતનાં (૨)

લાખનાં હીરાને હાથમાંથી કોઈ (૨)

જો જે ના .. (૨) લૂંટી જાય પ્રભુ જો જે ના લૂંટી જાય

જો જે ના લૂંટી જાય પ્રભુ જો જે ના લૂંટી જાય

હે પ્રભુ તારા પ્રેમનો ખજાનો (૨)

જો જે ના .. (૨) ખુટી જાય પ્રભુ જો જે ના ખુટી જાય

જો જે ના ખુટી જાય પ્રભુ જો જે ના ખુટી જાય

હે દીનાનાથ મને આધાર તારો (૨)

જો જે ના .. (૨)  તૂટી જાય પ્રભુ જો જે ના તૂટી જાય

જો જે ના તૂટી જાય પ્રભુ જો જે ના તૂટી જાય

હો  પ્રભુ જો જે ના તૂટી જાય  (૨)

2017-01-20

https://www.youtube.com/watch?v=4znGBNwORyU